# નિવેદન

વાચનનો શોખ તો શાળામાં ભણતી હતી ત્યારથી જ હતો. વીસ વર્ષની સાવ નાદાન વયે પ્રેમ-લગ્ન કર્યાં. વિચાર હતો કે આગળનો અભ્યાસ કરીશ. પણ બધી ઇચ્છાઓ પૂરી થોડી થાય છે? પતિ અને સંસારની માયામાં ભણવાનું તો સાવ જ કોરાણે મુકાઈ ગયું. દીકરીના જન્મ સાથે જવાબદારીઓ વધી. દીકરીને વાર્તાઓ કહેતાં હું પણ સાથે વાંચી લેતી. એકવાર પતિએ વિચાર આપ્યો કે દીકરી થોડી મોટી થઈ છે અને સમયની બચત થાય છે. તો અધૂરું ભણતર શા માટે પૂરું ન કરવું? આ વિચાર સાથે થયો નવી યાત્રાનો પ્રારંભ!

ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી વિષય સાથે બી. એ.નો અભ્યાસ કર્યો. એક વર્ષ બી. એડ્.નો અભ્યાસ કર્યો. હવે તો વિદ્યાનું વ્યસન થઈ પડ્યું. પ્રથમ વર્ગ સાથે એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. હવે આગળ? પીએચ. ડી.નો અભ્યાસ કરવાની અદમ્ય ભાવના મનમાં રમતી હતી. પણ એ કામ મારાથી થઈ શકશે કે નહીં એની ગડમથલ હતી. પતિએ વિશ્વાસ અપાવ્યો અને એમ. એસ. યુનિવર્સિટીમાં PETની પરીક્ષા માટે માનસિક તૈયાર કરી. અને પરિણામ, પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરી.

ગુજરાતી વિભાગમાં દર્શિની મેડમને મળી. તેમણે સંશોધન માટેની વિગતવાર માહિતી આપી. વિષયની પસંદગી માટે અવઢવ હતી. તેમણે સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ પર કાર્ય કરવાનું સૂચવ્યું. નવલિકાઓ પ્રત્યે આકર્ષણ હોવાને લીધે વર્ષા અડાલજાની નવલિકાઓ પસંદ કરી. શોધનિબંધ લખવા માટેની સમગ્ર સૂચના દર્શિની મેડમે આપી અને કાર્યનો પ્રારંભ કર્યો. એમના માર્ગદર્શને જ આ શોધનિબંધ પૂર્ણ કરવા માટેનું બળ આપ્યું. 'વર્ષા અડાલજાની પસંદ કરેલી ગદ્યકૃતિઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષોનું વિશ્લેષણાત્મક અધ્યયન' એ વિષય હેઠળ સંશોધનકાર્ય કર્યું. આ શોધનિબંધના લેખન દરમ્યાન ઘણું શીખવા મળ્યું.

આ શોધનિબંધમાં મદદરૂપ થનાર દરેક શુભેચ્છકોનો આભાર માનું છું. દર્શિની મેડમે સતત આ કાર્ય કઈ રીતે ઉત્તમ થઈ શકે તે માટેનાં સૂચનો આપ્યાં છે. તેમની પ્રેરણાએ આ કાર્યને પ્રગતિ આપી છે. વડીલ વર્ષાબહેન અડાલજાએ વ્યસ્ત સમયપત્રક વચ્ચે પણ રૂબરૂ મુલાકાત આપી છે. સતત ફોન પર સંપર્ક રાખીને ઘણું સાહિત્ય ઉપલબ્ધ કરાવી આપવા માટે તેમની સદા ઋણી રહીશ.

શોધકાર્યમાં જરૂરી પુસ્તકો મેળવી આપવામાં ગુજરાતી સાહિત્ય પરિષદ ગ્રંથકાર હંસાબહેન પટેલની આભારી છું. નિસર્ગભાઈ આહીરે 'શબ્દસર'માં લેખ પ્રકાશિત કર્યો તે માટે તેમનો આભાર માનું છું. યુનિવર્સિટી હેડ ઓફિસમાં સહાય કરનાર યજ્ઞેશભાઈ દવેને આ ક્ષણે યાદ કરું છું. કોરોના સમયમાં વેબિનારમાં વક્તવ્યનો મોકો આપવા બદલ મુંબઈ યુનિવર્સિટીનાં પ્રાધ્યાપક ઉર્વશીબહેન પંડ્યાની સદા આભારી રહીશ. પ્રોત્સાહન આપવા બદલ અમિત ધોળકિયા સરનો વિશેષ આભાર માનું છું. એમ. એસ. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સૌ પ્રાધ્યાપકોનો પણ વિનમ્રભાવે આભાર માનું છું. જયંતભાઈ ઉમરેઠિયાનો સવિશેષ આભાર વ્યક્ત કરું છું. આ સંશોધનના સહપાઠી મિત્રો પિનાકિની ઝાલા અને ભારતી બારીઆ પ્રતિ વિશેષ આભારની લાગણી વ્યક્ત કરું છું. કોર્સવર્કમાં સહાયરૂપ થનાર મિત્રોનો આભાર વ્યક્ત કરું છું.

જેમણે મારો આત્મવિશ્વાસ વધાર્યો અને 'થઈ જશે, ચિંતા ના કર.'નું સતત પ્રોત્સાહન આપ્યું તે જીવનસાથી દિકેશનો આભાર માનું એટલો ઓછો છે. આ કાર્ય માટે જેને સૌથી વધુ અગવડ પડી છે અને છતાં મદદ માટે હંમેશા તત્પર રહી છે એ દીકરી શ્રેણીને કેમ ભુલાય? માતા અને પિતા સુરેખાબહેન અને બિપીનભાઈએ સદાય હૂંફ અને ઉત્સાહ પૂરો પાડ્યો છે. તકનીકી કામોમાં મદદ કરનાર સ્નેહલભાઈ દરૂની મદદ અત્રે સ્મરું છું. સતત હૂંફ આપનાર કૌટુંબિક સ્નેહી મયૂરીભાભી અને પરેશભાઈને કેમ વિસરાય?

આ શોધનિબંધમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રેરણા આપનાર સૌ શુભેચ્છકોની હૃદયથી આભારી છું.

તારીખ: ૦૬/૦૯/૨૦૨૧ પટેલ મિતલ બી

સ્થળ: વડોદરા